# ત્રિપુરામાં શાંતિપૂર્ણ મતદાન

## ત્રિપુરાના મુખ્યપ્રધાન માણેક સરકાર સહિત કુલ ૨૪૯ ઉમેદવારોના ભાવિ સીલ : ૬૦ વિધાનસભા બેઠકો માટે મતદાન યોજાયુ

અગરતલા,તા.૧૪

ત્રિપુરામાં વિધાનસભાની ચૂંટણી માટે આજે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે રેકોર્ડ ૮૫ ટકા મતદાન થયુ હતુ. સવારથી જ અનેક જગ્યાએ મતદારોની લાંબી લાઈનો જોવા મળી હતી. જ્યારે કેટલીક જગ્યાએ પર મતદાનમાં શરૂઆતમાં ઉત્સાહ દેખાઈ રહ્યો ન હતો. જો કે છેલ્લા કલાકોમાં જોરદાર મતદાન થયુ હતુ અને વિક્રમી મતદાન નોંધાયુ હતુ. ઉંચા મતદાનના ચૂંટણી પંચના પ્રયાસો સફળ રહ્યા હતા. તમામ જગ્યાઓએ શાંતિપૂર્ણ મતદાન થયુ હતુ. મતદાન દરમિયાન શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા તંત્ર દ્વારા પહેલાથી તમામ તૈયારી કરી લેવામાં આવી હતી. ત્રિપુરામાં શાંતિપૂર્ણ રીતે મતદાનની શરૂઆત થઈ હતી. મતદાન થયા બાદ ૬૦ સભ્યોની વિધાનસભા ચૂંટણીમાં કુલ ૨૪૯ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. જે ઉમેદવારોના ભાવિ સીલ થઈ ગયા છે તેમાં મુખ્યપ્રધાન માણેક સરકાર અને ટીપીસીસીના પ્રમુખ સુદીપ રાય બર્મનનો પણ સમાવેશ થાય છે.

ડાબેરી મોરચાએ સતત પાંચમી વખત સત્તામાં વાપસી કરી ઈતિહાસ સર્જવા માટે તૈયાર છે. મુખ્ય સ્પર્ધા ડાબેરી મોરચા, તેના સાથી પક્ષો અને કોંગ્રેસ વચ્ચે થઈ રહી છે. આ વખતે કોંગ્રેસે ૪૮ બેઠકો પર તેના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. કુલ ૧૪ મહિલા ઉમેદવારો પણ તેમના ભાગ્ય અજમાવી રહી છે. જે વર્ષ ૨૦૦૮માં ચૂંટણી લડનાર મહિલાઓ કરતા ઓછી છે. આ વખતે ૧૧૬૪૬૫૬ મહિલા મતદારો સહિત ૨૩૫૨૫૦૫ મતદારો પૈકી ૮૫ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સવારથી જ મતદારો સજ્જ દેખાયા હતા. ઉંચા મતદાનના પ્રયાસ માટે તમામ પગલા પંચ દ્વારા પણ લેવામાં આવ્યા હતા. વિધાનસભાની ચૂંટણીમાં કુલ ૧૬ રાજકીય પક્ષો મેદાનમાં છે. કેટલાક અપક્ષ તરીકે પણ મેદાનમાં છે. ૩૦૪૧ મતદાન મથકો પૈકી ૪૦૯ને ખુબ સંવેદનશીલ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા જેથી અહીં વધારે સુરક્ષા રાખવામાં આવી હતી. ૭૨૬ને સંવેદનશીલ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની ખાતરી કરવા માટે કેન્દ્રિય અર્ધલશ્કરી દળોની ૨૫૦ કંપનીઓ તૈનાત કરવામાં આવી હતી. બાંગ્લાદેશ સાથેની સરહદ સીલ કરાઈ હતી.





## નિફ્ટી ફરી ૩૬ પોઈન્ટ ઘટી ૫૯૦૦થી નીચી સપાટી પર

મુંબઈ,તા. ૧૪

શેરબજારમાં આજે ડબલ્યુપીઆઈના આંકડા જારી કરવામાં આવ્યા બાદ મંદીનું મોજુ ફરી વળ્યુ હતુ. ઓટો, ફાઈનાન્સિયલ અને ઈન્ડેક્સ હેવીવેટ રિલાયન્સમાં પ્રોફિટ બુકિંગની સ્થિતિ જોવા મળી હતી. સેન્સેક્સ ૧૧૧ પોઈન્ટ ઘટીને ૧૯૪૯૭ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટીએ ૫૯૦૦ની સપાટી ગુમાવી દીધી હતી. કારોબારના અંતે નિફ્ટી ૩૬ પોઈન્ટ ઘટીને ૫૮૯૭ની નીચી સપાટીએ રહ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટી ઈન્ટ્રાડે દરમિયાન ક્રમશઃ ૧૯૪૪૪ અને ૫૮૮૫ની સપાટીએ રહ્યા હતા. વૈશ્વિક મોરચે યુરોમાં ઘટાડો નોંધાયો હતો. ઘરઆંગણે હેડલાઈન ફુગાવો આજે ઘટીને સાડા ત્રણ વર્ષની નીચી સપાટીએ પહોંચ્યો હતો. ફયુઅલ, મેન્યુફેક્ચર ચીજવસ્તુઓની કિંમતમાં વધારો થયો હોવા છતાં ફુગાવો સતત ચોથા મહિનામાં ઘટ્યો હતો જે આરબીઆઈ માટે ખુબ સારા સંકેત તરીકે છે. ભારતનો મુખ્ય ફુગાવો જાન્યુઆરી મહિનામાં ૬.૬૨ ટકા રહ્યો છે. રંગરાજને પણ આશા વ્યક્ત કરી છે કે ફુગાવો માર્ચના અંત સુધીમાં ઘટીને ૬.૫ ટકા સુધી થઈ શકે છે. સેક્ટરલ મોરચે બીએસઈ કેપિટલ, ઓઈલ એન્ડ ગેસ, ઓટો ઈન્ડેક્સમાં ૧.૫થી ૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. પાવર, રિયાલિટી, કન્ઝ્યુમર, હેલ્થકેર, પીએસયુ, બેંક જેવા કાઉન્ટરોમાં એક ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. જો કે બીએસઈ, આઈટી, મેટલ અને એફએમસીજી ઈન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો હતો. ઓટોના ક્ષેત્રમાં સ્થિતિ સારી રહી ન હતી. એવા મીડિયા અહેવાલ આવ્યા છે કે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આ સપ્તાહમાં જ વધારો કરવામાં આવી શકે છે. તાતા મોટર્સના શેરમાં આશરે ૩ ટકાનો ઘટાડો નોંધાયો છે. મારૂતિ સુઝુકીના શેરમાં ત્રણ ટકા જેટલો ઘટાડો રહ્યો હતો. કેપિટલ ગુડ્સના સેક્ટરમાં એલએન્ડટી, ભેલ જેવા શેરોમાં ૧-૩ ટકાનો ઘટાડો રહ્યો હતો.

# પેટ્રોલની કિંમતમાં આજે વધારો ઝીંકાય તેવી વકી

નવી દિલ્હી,તા. ૧૪

ઓઈલ કંપનીઓ આવતીકાલે પેટ્રોલની કિંમતમાં વધારો જાહેર કરે તેવી પ્રબળ શકયતા દેખાઈ રહી છે. ઓઈલ કંપનીઓને વધારો કરવાને લઈને નિર્ણય કરી લીધો છે પરંતુ વિધિવત જાહેરાત કરવાની બાકી રહી છે. અલબત્ત ડિઝલની કિંમતમાં વધારાને થોડાક દિવસ સુધી ટાળી શકાય છે. એક ટોચના અધિકારીએ આજે આ મુજબની માહિતી આપી હતી. નામ જાહેર નહીં કરવાની શરતે ઓઈલ કંપનીના એક ટોચના અધિકારીએ કહ્યુ હતુ કે આવતીકાલે પેટ્રોલની કિંમતમાં વધારો કરવામાં આવી શકે છે પરંતુ ડિઝલની કિંમતમાં સમીક્ષા ચાલી રહી છે. આમાં એક-બે દિવસનો વિલંબ થઈ શકે છે. ઈન્ડિયન ઓઈલ, એચપીસીએલ, બીપીસીએલના અધિકારીઓની આવતીકાલે બેઠક યોજનાર છે જેમાં ફયુઅલ કિંમતમાં વધારા અંગે નિર્ણય લેવામાં આવશે. ઈન્ડિયન ઓઈલના ચેરમેન આરએસ બુટોલાએ આજે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે ઓઈલ કંપનીઓએ ભાવ વધારા અંગે તૈયારી કરી છે.

એકબીજા સાથે સમય સમયે વાતચીત કરવામાં આવે છે. આવતીકાલે પણ વાતચીત કરવામાં આવશે. સંયુક્તરીતે નિર્ણય લેવામાં આવશે. તેમણે કહ્યુ હતુ કે ભાવ વધારો કેટલો રહેશે તે અંગે હાલમાં કોઈ અટકળો કરવી યોગ્ય રહેશે નહીં. પેટ્રોલની કિંમતમાં વધારો ઓઈલ કંપનીઓ દ્વારા કરવામાં આવે છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ માટેના રાજ્યપ્રધાન લક્ષ્મી પનાબાકાએ માહિતી આપતા કહ્યુ છે કે વાતચીતનો સીલસીલો ચાલી રહ્યો છે. ઈન્ડિયન ઓઈલના ચેરમેન બુટોલાએ કહ્યુ હતુ કે ડિઝલના વેચાણમાં ૧૪થી ૧૫ ટકાનો ઘટાડો થયો છે. કારણ કે ૧૭મી જાન્યુઆરી બાદથી બલ્ક ડિઝલની કિંમત અંકુશમુક્ત કરવામાં આવી હતી. ભાવ વધારાને લઈને સામાન્ય લોકો પર વધારે બોઝ ઝીંકાઈ શકે છે. ઓઈલ કંપનીઓને ડિઝલના વેચાણ પર લીટરદીઠ ૯.૨૨ રૂપિયાનું નુકશાન થઈ રહ્યુ છે જ્યારે કેરોસીનના વેચાણ પર લીટરદીઠ ૩૧.૬ રૂપિયાનું નુકશાન થઈ રહ્યુ છે આવી રીતે સિલિન્ડર પર ૪૮૧ રૂપિયાનું નુકશાન થઈ રહ્યુ છે. રૂપિયાની દૃષ્ટિએ ક્રુડ ઓઈલની કિંમત ૧૨મી ફેબ્રુઆરી ૨૦૧૩ના દિવસે અનેકઘણી વધી ગઈ છે. બેંચમાર્ક આંતરરાષ્ટ્રીય કિંમતો છેલ્લા એક મહિનામાં મજબુત રહી છે. ઓએમસીને હાલ ડિઝલ, કેરોસીન અને એલપીજી જેવા પેટ્રોલિયમ પેદાશોના વેચાણ પર ૪૦૦ કરોડ રૂપિયાનું નુકશાન દરરોજ થઈ રહ્યુ છે. ૧૬મી જાન્યુઆરી ૨૦૧૩થી અસરકારક રહેલા અગાઉના પખવાડીયામાં દરરોજનું નુકશાન ૨૮૪ કરોડ રૂપિયા હતુ. પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા એકનો વધારો કરવામાં આવી શકે છે. જ્યારે ડિઝલની કિંમતમાં ૫૦ પૈસાથી વધુનો વધારો કરવાની હિલચાલ ચાલી રહી છે.

## રિયલ એસ્ટેટ ક્ષેત્રે બ્લેક મની મામલે સરકારની લાલ આંખ

નવીદિલ્હી,તા.૧૪

પાછલાં કેટલાંક મહિનાઓ દરમિયાન સરકારે કેટલાંક મહત્ત્વનાં મુદ્દાઓ પર મજબુતાઈથી નિર્ણયો લઈને વિપક્ષનાં હાથમાંથી પોતાનાં ઘેરનાર મુદ્દાઓ છીનવી લીધા હતાં, એ જ રીતને આગળ વધારતાં સરકારનાં એજન્ડામાં હવે બ્લેક મનીનો મુદ્દો છે. કેન્દ્ર સરકાર દેશમાં જમા થઈ રહેલાં કાળા નાણાં પર લગામ કસવા માટે કેટલાંક મહત્વનાં પગલા ભરવા જઈ રહ્યું છે. વિદેશમાં જમા ભારતીયોની બ્લેક મનીને દેશમાં પરત લાવવા માટે ક્યા પગલા ભરી શકાય તે વિષયે પણ સરકારમાં વિચાર-વિમર્શ કરવામાં આવી રહ્યો છે. આ વિષયે કેન્દ્રીય નાણામંત્રી પી.ચિદમ્બરમ આગામી બજેટમાં જાહેરાત કરનાર છે. સૂત્રોના જણાવ્યા મુજબ નાણામંત્રી રિયલ એસ્ટેટમાં કાળા નાણાંના મોટાપાયાનાં રોકાણ પર નિયંત્રણ મૂકવા માટે કેટલાંક મહત્વપૂર્ણ નિર્ણયો કરનાર છે. આમ તો, સરકાર શરૂઆતથી જ રિયલ એસ્ટેટ ક્ષેત્ર માટે નિયામક એજન્સી બનાવવા પર વિચાર કરી રહી છે. નાણામંત્રાલયમાં આ મુદ્દે જાહેરાત કરવા પર ચર્ચા થઈ રહી છે. તદ્ઉપરાંત રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં દરેક પ્રકારનાં વ્યવહારોને ઈલેક્ટ્રોનિક પેમેન્ટ સિસ્ટમ દ્વારા કરવાનાં વિકલ્પ ઉપર પણ વિચાર થઈ રહ્યો છે, સાથે જ કેટલાંક દેશોમાં જમા પડેલા ભારતીયોનાં કાળા નાણાંને ભારત પરત લાવવાની યોજનાની જાહેરાત પણ નાણામંત્રી કરી શકે છે. બ્લેક મનીનાં પગલે સરકાર તરફથી કડકાઈભર્યા પગલાં લેવા એ સરકાર માટે રાજનીતિક લાભની સાથે સાથે આર્થિક મજબુરી પણ છે. રાજનીતિક કારણ એ છે કે આગામી દિવસોમાં યોજાનાર સામાન્ય ચૂંટણીઓ પહેલાં સંભવતઃ આ બજેટ અંતિમ બજેટ હશે અને વિપક્ષ તમામ કૌભાંડોની સાથે કાળા નાણાંને પણ રાજનીતિક મુદ્દા સ્વરૂપે ઉછાળવાની તૈયારીમાં છે. કાળા નાણાં ઉપર નિયંત્રણ મૂકવા મુદ્દે નાણા મંત્રાલયે ગેરકાયદેસર રીતે રોકાણ કરાતાં નાણાંને નાથવા માટે અને આવા નાણાં સંબંધિત સૂચના સંબંધિત એજન્સીઓ વચ્ચે વહેંચવા માટે એક ખાસ વેબસાઈટ બનાવવા એલાન કર્યું છે.

## વડાપ્રધાનની મુલાકાતને લઈને મેઘાલયમાં એલર્ટ

નવી દિલ્હી,તા. ૧૪

મેઘાલયમાં આજે એલર્ટની જાહેરાત કરી દેવામાં આવી હતી. વડાપ્રધાન મનમોહનસિંહની આવતીકાલની યાત્રાને ધ્યાનમાં લઈને એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. વડાપ્રધાન પોલોગ્રાઉન્ડ ખાતે કોંગ્રેસની એક ચૂંટણી સભાને સંબોધન કરનાર છે જેમાં પક્ષના ઉમેદવાર અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહે તેવી શક્યતા છે. આ ઉપરાંત મોટી સંખ્યામાં લોકો જાહેરસભામાં ઉમટી પડે તેવી શક્યતા છે. મેઘાલયમાં ચૂંટણી પ્રવાસના ભાગરૂપે વડાપ્રધાન પહોંચનાર છે. પક્ષના કાર્યકરો ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી પણ ૧૯મી ફેબ્રુઆરીના દિવસે બે જગ્યાઓએ જાહેર સભાને સંબોધન કરનાર છે. આ ઉપરાંત પક્ષના ઉપપ્રમુખ રાહુલ ગાંધી પણ ચૂંટણી પ્રચારમાં ભાગ લેનાર છે જેથી મેઘાલયમાં હાલ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવેલી છે. પોલીસ તંત્ર પણ બિલકુલ સાવધાન થયેલું છે. તંત્ર કોઈ પણ તક લેવા તૈયાર નથી. ચૂંટણી માહોલમાં શાંતિ જળવાય તે હેતુસર પોલીસે કમર કસી લીધી છે. શંકાસ્પદ શખ્સો પર નજર રખાઈ રહી છે.

# હેલિકોપ્ટરની સોદાબાજી માટે યુવતિઓનો પણ ઉપયોગ થયો

નવી દિલ્હી,તા. ૧૪

ઈટાલીની કંપની અગસ્ટા-વેસ્ટલેન્ડે ભારત સાથે હેલિકોપ્ટર સોદાબાજીને પોતાની તરફેણમાં કરવા માટે બનતા તમામ પ્રયાસો કર્યા હતા. હેલિકોપ્ટરની સોદાબાજી મેળવવા માટે ખુબસુરત યુવતિઓનો ઉપયોગ પણ કરવામાં આવ્યો હોવાની વિગત મળી રહી છે. મળેલી માહિતી મુજબ હવાઈ દળના તત્કાલીન વડા એસપી ત્યાગી સુધી પહોંચી જવા માટે કૈશની સાથે સાથે યુવતિઓનો પણ ઉપયોગ કરવાની બાબતચ ઈટાલીના પ્રોસિક્યુટર્સ દ્વારા એકત્રિત કરવામાં આવેલા દસ્તાવેજોમાં જાહેર કરવામાં આવી છે. દરમિયાન સીબીઆઈ તપાસ પૂર્ણ કરવામાં ન આવે ત્યાં સુધી ઈટાલીની કંપનીને બાકી રકમ નહી ચુકવવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. આશરે ૩૬૦૦ કરોડના આ સોદામાં ભારતમાં ૩૫૦ કરોડથી વધારેની લાંચ આપવાના મામલે ફિનમેકેનિકાના સીઈઓ જુસીપી ઓરસીની ઈટાલીમાં સોમવારના દિવસે ધરપકડ કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને અન્ય વીઆઈપી લોકોની સુવિધાઓ માટે ૧૨ એડબલ્યુ-૧૦૧ હેલિકોપ્ટર માટે સમજુતી થઈ હતી. જે પૈકી ત્રણ હેલિકોપ્ટરની ડિલિવરી કરવામાં આવી ચુકી છે. કંપનીને આશરે ૧૨૦૦ કરોડની ચુકવણી પણ કરવામાં આવી ચુકી છે. તપાસ અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે તે ત્યાગીના એર ચીફ માર્શલ તરીકેના ગાળામાં તેમને ૬થી સાત વખત મળ્યો હતો. આ બાબત ત્યાંગીના એવા દાવાની બિલકુલ વિરુદ્ધમાં છે જેમાં ત્યાગીએ કહ્યું છે કે તેમની મુલાકાત એ વ્યક્તિ સાથે થઈ હતી. આ મામલામાં તેને મધ્યસ્થી તરીકે ગણવામાં આવે છે. ત્યાગી ૩૬૦૦ કરોડની સોદાબાજીમાં કોઈ લાંચ લેવાનો ઈન્કાર કરી ચુક્યા છે. તપાસકારોનુ કહેવુ છે કે ત્યાગી પરિવારને આશરે ૭૦ લાખ રૂપિયાની લાંચ આપવામાં આવી હતી. મધ્યસ્થીઓની વાતચીતની વિગત હવે કોર્ટમાં રજૂ કરવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે દલાલોની ગર્લફ્રેન્ડસ દ્વારા ત્યાગીના સંબંધીઓનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ત્યાદી સામે હવે સંકજો મજબુત કરવામાં આવી રહ્યો છે.

## ઈન્ફેક્શનના કારણે દર વર્ષે બે લાખ શિશુ મોત : રિપોર્ટ

નવી દિલ્હી.તા.૧૪

તાજેતરમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવમાં આવ્યું છે કે હોસ્પિટલમાં થતા બેક્ટેરિયલ ઈન્ફેક્શનના કારણે ભારતમાં દર વર્ષે જન્મના પ્રથમ ચાર સપ્તાહમાં ૧૯૦૦૦૦ બાળકોના મોત થઈ જાય છે. અભ્યાસમાં ચોંકાવનારા તારણ સપાટી પર આવ્યા બાદ આરોગ્યને લઈને ભારતમાં નવજાત શિશુના મામલે ગંભીર ચિત્ર સપાટી પર આવ્યું છે. સેન્ટર ફોર ડીસીઝડાયનેમિક્સ ઈકોનોમિક્સ એન્ડ પોલિસી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે આશરે ૧૦ લાખ ભારતીય નવજાત શિશુ દર વર્ષે લાઈફના પ્રથમ ચાર સપ્તાહમાં મૃત્યુ પામે છે. આ મોત પૈકી ૧૯૯૦૦૦ જેટલાં નવજાત શિશુના મોત બેક્ટેરિયલ ઈન્ફેક્શનનાં કારણે થાય છે. સેપ્સીસ અથવાતો બેક્ટેરિયલ ઈન્ફેક્શન સારવાર થઈ શકે તે પ્રકારનો રોગ છે. નિષ્ણાંતોનું કહેવું છે કે બેક્ટેરિયલ ઈન્ફેક્શન હોસ્પિટલમાં લાગતા ઈન્ફેક્શનનાં કારણે થાય છે. પુખ્ત વયના લોકો દ્વારા ઉપયોગ કરવામાં આવતાં કેટલાંક બાળકોનાં મોત થાય છે. યોગ્ય માર્ગદર્શન નહીં મળવાથી અથવા તો આડેધડ દવાનો ઉપયોગ કરવાથી બાળકોનાં મોત થાય છે. નવજાત શિશુ સામે કામ કરતાં બેક્ટેરિયાને અમે મજબૂત બનાવી દઈએ છીએ. નવજાત શિશુમાં રોગપ્રતિકારક શક્તિ ખૂબ ઓછી રહે છે. આવા બાળકોને ખૂબજ સંભાળની જરૂર પડે છે. એન્ટીબાયોટિક રજીસ્ટન્સ અથવા તો એબીઆર સામે લડવા ઉપયોગી એન્ટીબાયોટિકનો ઉપયોગ વધે તે અતિ જરૂરી છે. ભારતમાં નવજાત શિશુ અને બાળકને જન્મ આપનાર માતાનો દર ઉંચો છે. વિશ્વનાં અન્ય દેશોની સરખામણીએ ભારતમાં આ દર વધુ છે. બાળકનાં જન્મ વેળા ભારતમાં ઘણી મોટી સંખ્યામાં મહિલાઓનાં મોત થાય છે અને આના માટે મુખ્ય કારણ બેદરકારી છે. પ્રથમ ચાર સપ્તાહમાં ૧૯૦૦૦૦ બાળકોનાં મોતનો આંકડો પણ ઓછો નથી.

## યુએસ એરવેઝ-અમેરિકન એરલાઇન્સ ટુંકમાં મર્જ થશે

ડલ્લાસ,તા. ૧૪

યુએસ એરવેજ અને અમેરિકન એરલાઈન્સ મર્જરની બિલકુલ નજીક પહોંચી ગયા છે. મર્જ થઈ ગયા બાદ આ વિમાન કંપની વિશ્વની સૌથી મોટી એરલાઈન્સ તરીકે ઉભરી આવશે., નામ જાહેર નહી કરવાની શરતે સુત્રોએ કહ્યું હતું કે બન્ને કંપનીઓના બોર્ડ સમજુતી પર સહમત થઈ ગયા છે. માત્ર ઔપતચારિકતા બાકી રહી છે. નવી કેરિયર અમેરિકન એરલાઈન્સ નામ જાળવી રાખશે. આનુ નેતૃત્વ યુએસ એરવેઝના સીઈઓ ડગ પાર્કર કરશે. અમેરિકન એરલાઈન્સના સીઈઓ ટોમ હોર્ટન નવી રચવામાં આવનાર કંપનીના ચેરમેન તરીકે કામ કરશે. મધ્ય ૨૦૧૪ સુધી તેઓ ચેરમેન તરીકે કામ કરશે. મર્જરના કારણે ઉડ્ડયન ક્ષેત્રમાં એક નવી શરૂઆત થવા જઈ રહી છે.મર્જરનો અમેરિકામાં ચાર મોટી કેરિયર અમેરિકન, યુનાઈટેડ, સાઉથવેસ્ટ અને ડેલ્ટાના પ્રભુત્વ તરીકે જોવામાં આવે છે. અમેરિકાના એરલાઈન ટ્રાફિક પૈકી ત્રણ ચતુર્થાંશ આ ચાર એરલાઈન્સ સાથે સંબંધ ધરાવે છે. અમેરિકાની મહાકાય બે એરલાઈન કંપની પાસે મોટી સંખ્યામાં વિમાનો છે. ાગામી દિવસોમાં આવનાર પડકારો અને સ્પર્ધાને ધ્યાનમાં લઈને આ નિર્ણય કરાયો હોવાના અહેવાલ મળ્યા છે. તાજેતરના સમયમાં ઉડ્ડયન ઉદ્યોગ સામે અનેક પડકારો આવ્યા છે. અમેરિકા છેલ્લા કેટલાક સમયથી આર્થિક મંદીમાં રહ્યું છે.

## વીઆઈપી સલામતી પર જવાબ આપવાનો હુકમ

નવી દિલ્હી,તા. ૧૪

વીઆઈપી લોકોની સુરક્ષાને લઈને સુપ્રીમકોર્ટે ફરી એકવાર આક્રમક વલણ અપનાવ્યુ છે. સુપ્રીમે આજે વીવીઆઈપી સુરક્ષા મામલે આઠ મહત્વના મુદ્દાઓ પર સરકાર પાસેથી જવાબની માંગ કરી છે. આના માટે તમામ રાજ્યોને એક મહિનાની મહેતલ આપવામાં આવી છે. એક મહિનાની અંદર તમામ રાજ્ય સરકારોને સુપ્રીમ કોર્ટ દ્વારા માંગવામાં આવેલા પ્રશ્નોના જવાબ આપવા પડશે. સુપ્રીમ કોર્ટે સરકારને પ્રશ્ન કર્યો છે કે કેટલા લોકોને આ પ્રકારની સુરક્ષા આપવામાં આવી રહી છે. આ ઉપરાંત સુપ્રીમે તમામ રાજ્ય પાસેથી વીવીઆઈપી લોકોની સુરક્ષા પર થઈ રહેલા ખર્ચ અંગેની પણ વિગત માંગી છે. સુપ્રીમકોર્ટે અગાઉ આદેશમાં જણાવ્યુ હતુ કે વીવીઆઈપી સુરક્ષામાંથી પોલીસને ખસેડી લઈને લોકોની સુરક્ષામાં મુકવામાં આવે.

## યાર્ન માટે આયાત ટેક્સ ઘટાડી દેવા ટેક્સટાઈલ ક્ષેત્રની માંગ

નવી દિલ્હી,તા. ૧૪

કેન્દ્રિય બજેટ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે ભારતીય ટેક્સટાઈલ ઉદ્યોગ દ્વારા પણ પોતાની માંગ રજૂ કરી દેવામાં આવી છે. સુરતમાં બારતના ટેક્સટાઈલ હબ ઉપરાંત અન્ય ટેક્સટાઈલ ક્ષેત્ર સાથે જોડાયેલા વેપારીઓ વર્ષ ૨૦૧૩-૧૪ માટે બજેટ પૂર્વે પોતાની માંગ રજૂ કરી ચુક્યા છે. વેપારીઓએ એવી ઈચ્છા વ્યક્ત કરી છે કે સરકાર આગામી કેન્દ્રિય બજેટમાં યાર્ન માટે આયાત ટેક્સમાં ઘટાડો કરે. જેથી તેમને રાહત મળી શકે છે. ચીન અને એશિયાના અન્ય ભાગોમાં સસ્તી ટેક્સટાઈલ પેદાશોના કારણે ભારતીય ટેક્સ ટાઈલ ક્ષેત્ર હાલમાં પડકારોનો સામનો કરે છે. સ્થાનિક વણકરોની માંગ છે કે આંતરરાષ્ટ્રીય બજારોમાં સ્પર્ધાનો સામનો કરવા માટે ટેક્સમાં ઘટાડો કરવામાં આવે તે જરૂરી છે. નિષ્ણાંતો માને છે કે અયોગ્ય સ્પર્ધામાંથી સ્થાનિક ઉદ્યોગને રક્ષણ આપવા સાથે સંબંધિત એન્ટી ડંપિગ ડ્યુટીનો વ્યાપક દુરુપયોગ કરવામાં આવે છે. કારોબારમાં પ્રભુત્વ જમાવવા માટે મોટા ઉદ્યોગપતિ દ્વારા તેનો દુરૂપયોગ કરવામાં આવે છે. તાજેતરમાં જ જુદા જુદા યાર્ન પર એન્ટી ડમ્પિગ ડ્યુટી લાદવામાં આવી હતી. દક્ષિણ ગુજરાત ટેકસટાઈલ પ્રોસેસર્સ દ્વારા તાજેતરમાં પોતાની રજૂઆત કરવામાં આવી હતી. દક્ષિણ ગુજરાત ટેક્સ ટાઈલ પ્રોસેસર્સ એસોસિશનના સભ્ય જીતેન્દ્ર વખારિયાએ જણાવ્યું હતું કે કારોબારીઓ રેડીમેડ ઈમ્પોર્ટેડ ફેબરીક સાથે સ્પર્ધા કરવા માટે તૈયાર છે.

કારોબારીઓ માને છે કે એન્ટી ડંમ્પિગ ડ્યુટીમાં આંશિક ઘટાડો પણ ઉપયોગી બની શકે છે અને સ્થિતીમાં સુધારો કરી શકે છે. બજેટ પહેલા તમામ ક્ષેત્રો તરફથી રજૂઆત કરવામાં આવી ચુકી છે ત્યારે ટેક્સટાળિ ક્ષેત્રની માંગ પણ ખુબ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું છે કે જો ડ્યુટીને ૧૨ ટકાથી ઘટાડીને આઠ ટકા કરાશે તો પણ ભાવિ નુકસાનને ઘટાડી શકાશે.

## કુરિયનનાં પત્નીએ બળાત્કારનાં તમામ આક્ષેપોને વાહિયાત ગણાવી ફગાવી દીધાં

જમશેદપુર,તા.૧૪

સૂર્યાનેલ્લી ગેંગરેપ કેસમાં કથિત સંડોવણી બદલ રાજ્યસભાના નાયબ ઉપાધ્યક્ષ પી.જે.કુરિયનનાં રાજીનામાંની માંગ જોર પકડી રહી છે ત્યાં કુરયિનની વહારે તેમનાં પત્ની આવ્યાં છે. કુરિયનનાં પત્નીએ બળાત્કારનાં તમામ આક્ષેપોને વાહિયાત ગણાવી ફગાવી દીધાં છે તથા ભાવુક બનીને એમપણ જણાવ્યું હતું કે, આવાં હિન આરોપ કરનારા તત્વોએ ચિંતા કદી નથી કરતાં કે તેમનાં આક્ષેપોનો ભોગ બનનારી વ્યક્તિનાં પરિવાર પર શું વીતશે. નિવૃત્ત શિક્ષિકા સુસાન કુરિયને એ દિવસનાં ઘટનાક્રમની યાદ દેવડાવતાં એમપણ કહ્યું હતું કે, મારા પતિએ બળાત્કારનો ભોગ બનેલી મહિલા પર ગુજારેલા કહેવાતા અત્યાચાર સમયે મારા પતિ ઘેર હતાં અને અમે ભોજન કરતા હતાં. હું દૃઢપણે માનું છું કે, મારા પતિ પરના આક્ષેપ તદ્દન પાયાવિહોણા છે અને હું તથા મારી બંને પુત્રીઓ એવું નિશંકપણે માનીએ છીએ કે જે કંઈ હશે તે સત્ય ઉજાગર થઈને જ રહેશે.

વ્યથિત જણાતાં રાજ્યસભાના ઉપાધ્યક્ષનાં પત્નીએ જણાવ્યું હતું કે, ૧૭ વર્ષ પહેલાંની એ ઘટનામાં મારા પતિનું નામ ખોટી રીતે સંડોવીને અમારાં પરિવારને અત્યંત દુઃખ પહોંચાડ્યું છે. આ આક્ષેપોની વારંવાર તપાસ થેલી છે અને ન્યાકિ ચકાસણી પણ કરાયેલી છે અને તેમાં કોઈ જ તથ્યચ નથી જણાયું. મહિલા અધિકાર માટે લડી રહેલાં લોકોએ એ ન ભૂલવું જીોએ કે પ્રો.કુરિયન પણ ગૃહસ્થી ધરાવે છે. નોંધનીય છે કે, કુરિયને આ આક્ષેપોને ફગાવી દઈને વિરોધપક્ષોએ છેડેલી તેમના રાજીનામાની માંગને પણ નકારી કાઢી છે.

**ખજાનો** (પાના નં. ૪ નું ચાલુ)

**આ સપ્તાહનો સવાલ...?**

જમ્મુ-કાશ્મીર લીબરેશન ફ્રન્ટ (જ.કે.એલ.એફ.)ના હાલના પ્રમુખ કોણ છે?

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

**સાચા જવાબો :-**

[illegible]